અપીલ અરજી નં.૪૩ તા.૭–૫–૧૦/૧૧

અરજદાર:– શ્રી નટવરલાલ દેવચંદભાઈ કાબરાવાલા

સામાવાળા:– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી(રાંદેરઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી નટવરલાલ દેવચંદભાઈ કાબરાવાલાની તા.૧૮–૩–૧૦ની અરજીથી મોજે ગામ–રાંદેર, સુરત સીટી, જી.સુરતના રેવન્યુ સર્વે નં.૨૪૧ પૈકીની ખેતી જમીનના અને રાંદેર–અડાજણ, ટી.પી.નં.૧૪, ફા.પ્લોટ નં.૮(રાંદેર–અડાજણ) માં આવેલ દિવ્ય પ્રભા કો.ઓ.હા.સો.લી. વોર્ડ નં. ૧૬ડી, નોંધ નં.૧૬ડી– ૦૧૬૧–૦–૦૦૧ થી ૦૫૩ યાને ૫૩ પ્લોટ વાળી ખેતીની જમીન ઉપર આવેલી છે. સદર જમીન ઉપર સેનીટેશન ગૃહમંડળીના યુનીટના ગંદા, ઘરવપરાશ અને વરસાદી પાણીનો (નિકાલ) માટેના પ્લાન મંજુર થયેલ છે? જો ના હોય તો બિનઅધિકૃત ગણાય? માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૭–૫–૧૦ ની **SMC/FAP/** નં.૪૩/૨૦૧૦–૧૧

શ્રી નટવરલાલ દેવચંદભાઈ કાબરાવાલાની તા.૧૮–૩–૧૦ની અરજીથી મોજે ગામ–રાંદેર, સુરત સીટી, જી.સુરતના રેવન્યુ સર્વે નં.૨૪૧ પૈકીની ખેતી જમીનના અને રાંદેર–અડાજણ, ટી.પી.નં.૧૪, ફા.પ્લોટ નં.૮(રાંદેર–અડાજણ) માં આવેલ દિવ્ય પ્રભા કો.ઓ.હા.સો.લી. વોર્ડ નં.૧૬ડી, નોંધ નં.૧૬ડી–૦૧૬૧–૦–૦૦૧ થી ૦૫૩ યાને ૫૩ પ્લોટ વાળી ખેતીની જમીન ઉપર આવેલી છે. સદર જમીન ઉપર સેનીટેશન ગૃહમંડળીના યુનીટના ગંદા, ઘરવપરાશ અને વરસાદી પાણીનો (નિકાલ) માટેના પ્લાન મંજુર થયેલ છે? જો ના હોય તો બિનઅધિકૃત ગણાય? માહિતી આપવા બાબતે ઝોનલ ચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેર ઝોનના પત્ર નં.વેસ્ટઝોન/આ. ૬૨ તા.૨૭–૪–૧૦ થી આપેલ માહિતીના પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરનેતા.૭–૫–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવાપત્ર નં.આરટીઆઈ સેલ /૨૧૯ તા.૧૭–૫–૧૦ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તથા અરજદારને અપીલ અરજીમાં તા.૧૮–૩–૧૦ ની નવી અરજી છે કે અગાઉના સંદર્ભે રજૂઆત છે. મુળ અરજીની નકલ ફી ની વિગતસહ માહિતી અંગે પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/૧૩૩ તા.૨૮–૫–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં અત્રેના પત્ર નં.આરટીઆઈ સેલ/૧૨૮૪ તા.૯–૨–૧૦ ના અમલવારીના હુકમની નકલ, અરજદારની તા.૧૮–૩–૧૦ ની માહિતી માંગતી અરજીની નકલ, અરજદારને આપેલ માહિતી વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/આ.નં.૬૨ તા.૨૭–૪–૧૦ ના પત્રની નકલ અને વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/આ.નં.૨૫૨ તા.૭–૮–૦૯ ના પત્રની નકલ તથા વેસ્ટઝોન/ આરટીઆઈ/ આ.નં.૪૩૧ તા.૫–૧૧–૦૯ ના પત્રની નકલ તેમજ વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/૮૨૯ તા.૨૫–૩–૧૦ ના પત્રની નકલ અત્રેના વિભાગને રજૂ કરેલ છે. જયારે અરજદાર તરફથી તા.૨૧–૫–૧૦ ના રોજનો પત્ર તથા અત્રેનો આરટીઆઈ સેલ / ૧૨૮૪ તા.૯–૨–૧૦ નો અમલવારીનો પત્ર તથા અરજદારની તા.૧૮–૩–૧૦ ની અરજીની નકલ તથા રાંદેરઝોનનો વેસ્ટઝોન/ આરટીઆઈ સેલ/૬૨ તા.૨૦–૪–૧૦ થી આપેલ માહિતીનો પત્ર અત્રેના વિભાગને મળેલ છે.

અરજદારની તા.૧૮–૩–૧૦ ની અરજીથી ઉપરોકત વિષયમાં જણાવ્યા બાબતે માહિતી માંગતી અરજી રાંદેરઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/આ.નં.૬૨ તા.૨૭–૪–૧૦ થી " રાઈટ ટુ ઈન્ફર્મેશન હેઠળ ફકત ઉપલબ્ધ રેકર્ડની જ માહિતી આપવાની થાય છે " તેવી માહિતી અરજદારને આપેલ છે. જે બાબતે આપેલી માહિતીના પ્રતિભાવથી નારાજ થઈ તા.૭–૫–૧૦ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં અરજદારે આપેલ જવાબ સમય મર્યાદા બાદ મળેલ છે અને માંગ્યા મુજબની માહિતીની માંગણી કરેલ છે. જેમાં ઉપલબ્ધ રેકર્ડ ઉપરની આપવાની થાય છે જે હોય તે આપવી ન હોય તો ઉપલબ્ધ નથી તેવી લેખિત જાણ કરવી. જે બાબતે જાહેર માહિતી અધિકારીએ અરજદારને આરટીઆઈ એકટ હેઠળ ફકત ઉપલબ્ધ રેકર્ડની માહિતી જ આપવાની થાય છે તેવી જોગવાઈ જણાવેલ છે પરંતુ દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી પૂરી પડાયેલ જણાતી નથી.જાહેર માહિતી અધિકારીએ પૂરક માહિતીમાં અગાઉની આરટીઆઈ હેઠળની અરજીઓમાં આપેલી માહિતીનો સંદર્ભ જણાવેલ છે જેમાં દફતરી ઉપલબ્ધ અને હકીકતલક્ષી માહિતી આપેલ છે તેમ આરટીઆઈ એકટની કલમ–૬(૧) હેઠળ દરેક અરજી સ્વતંત્ર અને તે મુજબ દરેક અરજીને સ્વતંત્ર દફતરી ઉપલબ્ધ માહિતી આપવાની રહે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૮–૩–૧૦ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી નહીં પૂરી પડાયેલ દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ અરજદારને દિન–૭ માં પૂરી પાડવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોનને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/

તારીખ : –૬–૧૦

ડે.કમિશ્નર (જનરલ)

અને એપેલેટ ઓફિસર

સુરત મહાનગર પાલિકા

પ્રતિ,

(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધકારી , (રાંદેરઝોન) ..જાણ તથા અમલ માટે

(૨) શ્રી નટવરલાલ દેવચંદભાઈ કાબરાવાલા,